# ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ગાંધીનગર

બ્લોક નં.૧૬, ભોયતળીયે, ડૉ.જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં.(૦૭૯) ૨૩૨૫૬૪૮૬, ૨૩૨૫૬૪૮૮, ફેકસ નં. (૦૭૯) ૨૩૨૪૧૪૭૮
વેબ સાઇટઃ- **wwww.sje.gujarat.gov.in/gtkvn** ઇ-મેઇલઃ- **md-gtkvn@gujarat.gov.in**

તા-૨૭/૦૧/૨૦૧૭

## અખબારી યાદી

### ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ શ્રી થાવરચંદ ગેહલોત, માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ભારત સરકાર, નવી દિલ્હી ના હસ્તે આપવામાં આવ્યો છે. નિગમના અધ્યક્ષશ્રી નંદાજી વી.ઠાકોર અને મેનેજીંગ ડીરેકટરશ્રી જશવંત ગાંધીએ આ એવોર્ડ સ્વીકારેલ છે.

સમગ્ર દેશમાં બક્ષીપંચની કામગીરી સાથે સંકળાયેલા ૫૦ જેટલા નિગમોની કામગીરીમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને વર્ષ-૨૦૧૫-૧૬ની કામગીરીના મહત્વના માપદંડોને ધ્યાનમાં લઇને આ નિગમને શ્રેષ્ઠ કામગીરી એવોર્ડ આપવામાં આવેલ છે.

આ સિધ્ધિ નિગમ તેમજ રાજ્ય સરકાર માટે મહત્વની છે. તેથી આ એવોર્ડ મળતાં માન.મુખ્યમંત્રીશ્રીએ, માન.મંત્રીશ્રી આત્મારામભાઇ પરમાર અને માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી કેશાજી ચૌહાણે આનંદ વ્યક્ત કર્યો હતો. અને મુખ્ય સચિવશ્રી ડૉ.જે.એન.સિંઘ, અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, શ્રી કમલ દયાનીએ મેનેજીંગ ડીરેકટરશ્રી જશવંત ગાંધીને અભિનંદન પાઠવ્યા હતા.